# પ્રકરણ-૧૩

(નિયમ સંગ્રહ-૧૨)

## સહાયકી કાર્યક્રમોના અમલ અંગેની પધ્ધતિ

# પ્રકરણ -૧૩
# સહાયકી કાર્યક્રમોના અમલ અંગેની પધ્ધતિ

૧૩.૧ નીચેના નમૂના મુજબ માહિતી આપોઃ

(૧) ઈન્દિરા ગાંધી નેશનલ ડિસેબીલીટી પેન્શન યોજના

યોજનાની શરૂઆત

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંકઃ અપગ/૧૦૨૦૦૯/૨૧૬/છ-૧ તા.૩૧/૦૭/૨૦૦૯ના ઠરાવથી ગરીબી રેખા હેઠળ જીવતી દિવ્યાંગ વ્યક્તિઓને આર્થિક સહાય આપવાની યોજના અમલમાં મુકવામાં આવેલ છે.

આ યોજનાનો હેતુ

- તીવ્ર દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિઓનો સર્વાંગી વિકાસ થાય તેમજ તેઓને નાણાંકીય સહાય પુરી પાડી તેમનું સામાજિક પુનઃ સ્થાપન થાય તે હેતુથી આ યોજના અમલમાં મુકવામાં આવેલ છે.

આ યોજના હેઠળ સહાય મેળવવાની પાત્રતા

- ૮૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવનાર વ્યક્તિ
- ૧૮ થી ૭૯ વર્ષ સુધીના દિવ્યાંગ વ્યક્તિને લાભ મળવાપાત્ર છે.
- આ યોજનાનો લાભ ગરીબી રેખા હેઠળ જીવતા ગુજરાતની દિવ્યાંગ વ્યક્તિઓને મળવાપાત્ર છે. આ માટે ભારત સરકારની યોજનાઓ માટે પાત્રતા ધરાવતી ગરીબી હેઠળ જીવતા વ્યકતિઓની યાદી ગ્રામ્ય વિસ્તાર માટે ભારત સરકારની મિનીસ્ટ્રી ઓફ રૂરલ ડેવલેપમેન્ટ તેમજ શહેરી વિસ્તાર માટે ભારત સરકારના મીનીસ્ટ્રી ઓફ અર્બન હાઉસીંગ એન્ડ પોવર્ટી એલીવેશન તરફથી જે બી.પી.એલ. (ગરીબી રેખા હેઠળ જીવતા લોકોની યાદી) યાદી બનાવવામાં આવેલ છે તેમા સમાવિષ્ટ દિવ્યાંગ વ્યક્તિઓને આ યોજનાનો લાભ મળવાપાત્ર છે.

આ યોજના હેઠળ મળવાપાત્ર સહાય

આ યોજના હેઠળ લાભાર્થીને માસિક રૂ. ૬૦૦/- સહાય મળવાપાત્ર છે. જેમાં રૂ.૩૦૦/- રાજ્ય સરકાર દ્રારા અને રૂ.૩૦૦ કેન્દ્ર સરકાર દ્રારા આપવામાં આવે છે.

આ યોજનાનાં અરજી પત્રક

- આ યોજના હેઠળ અરજી પત્રક જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરીએથી મેળવી સંપૂર્ણ વિગતો ભરી જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરીએ રજુ કરવામાં આવે છે. જેની ચકાસણી કરી સહાય મંજૂર કરવાની સત્તા જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીને છે.
  સહાય કેવી રીતે આપવામાં આવે છે.
- આ યોજના હેઠળ લાભાર્થીને માસિક રૂ.૬૦૦/- સહાય લાભાર્થીના બેંક એકાઉન્ટમાં DBT (ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર) મારફત રાજય કક્ષાએથી જમા કરવામાં આવે છે.

(૨) સંત સુરદાસ યોજના

યોજનાની શરૂઆત

- સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંકઃઅપગ/૧૦૨૦૦૦/ન.બા.૪/છ, તા.૨૨-૯-૨૦૦૦ના ઠરાવથી તીવ્ર દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિને આર્થિક સહાય આપવા માટે સંત સુરદાસ યોજના અમલમાં મુકવામાં આવેલ છે.

હેતુ

- તીવ્ર દિવ્યાંગતા ધરાવતી વ્યક્તિઓનો સર્વાંગી વિકાસ થાય તેમજ તેઓને નાણાંકીય સહાય પુરી પાડી તેમનું સામાજિક પુનઃ સ્થાપન થાય તે હેતુથી સંત સુરદાસ યોજના અમલમાં મુકવામાં આવેલ છે.

આ યોજના હેઠળ હાલમાં સહાય મેળવવાની પાત્રતા

- ૮૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવનાર વ્યક્તિ
- ૦ થી ૧૭ વર્ષ સુધીના દિવ્યાંગ વ્યક્તિને લાભ મળવાપાત્ર છે.
- આ યોજનાનો લાભ ગરીબી રેખા હેઠળ જીવતા ગુજરાતની દિવ્યાંગ વ્યક્તિઓને મળવાપાત્ર છે. આ માટે ભારત સરકારની યોજનાઓ માટે પાત્રતા ધરાવતી ગરીબી હેઠળ જીવતા વ્યકતિઓની યાદી ગ્રામ્ય વિસ્તાર માટે ભારત સરકારની મિનીસ્ટ્રી ઓફ રૂરલ ડેવલેપમેન્ટ તેમજ શહેરી વિસ્તાર માટે ભારત સરકારના મીનીસ્ટ્રી ઓફ અર્બન હાઉસીંગ એન્ડ પોવર્ટી એલીવેશન તરફથી જે બી.પી.એલ. (ગરીબી રેખા હેઠળ જીવતા લોકોની યાદી) યાદી બનાવવામાં આવેલ છે તેમા સમાવિષ્ટ દિવ્યાંગ વ્યક્તિઓને આ યોજનાનો લાભ મળવાપાત્ર છે.

આ યોજના હેઠળ મળવાપાત્ર સહાય

- આ યોજના હેઠળ લાભાર્થીને માસિક રૂ. ૬૦૦/- સહાય મળવાપાત્ર છે.

આ યોજનાનાં અરજી પત્રક

- આ યોજના હેઠળ esamajkalyan.gujarat.gov.in પોર્ટલ પર ઓનલાઇન અરજી સ્વિકારવામાં આવે છે.
- આવેલ અરજીની ઓનલાઇન ચકાસણી કરી સહાય મંજૂર કરવાની સત્તા જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીને છે.

સહાય કેવી રીતે આપવામાં આવે છે.

આ યોજના હેઠળ લાભાર્થીને માસિક રૂ. ૬૦૦/- સહાય લાભાર્થીના બેંક એકાઉન્ટમાં DBT (ડાયરેક્ટ બેનીફીટ ટ્રાન્સફર) મારફતે રાજય કક્ષાએથી જમા કરવામાં આવે છે.

## (૩) <u>દિવ્યાંગ લગ્ન સહાય યોજના</u>

યોજનાની શરૂઆત

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંકઃ અપગ/૧૦૨૦૧૩/૮૦૩૯૬૦/ન. બા.-૮/છ-૧,તા.૩૧-૦૭-૨૦૧૪ના ઠરાવથી દિવ્યાંગ થી દિવ્યાંગ અને દિવ્યાંગથી સામાન્ય વ્યક્તિઓને લગ્ન માટે આર્થિક સહાય આપવા માટે આ યોજના અમલમાં મુકવામાં આવેલ છે.

હેતુ

દિવ્યાંગ થી દિવ્યાંગ અને દિવ્યાંગ થી સામાન્ય વ્યક્તિઓ સમાજમાં સન્માન પૂર્વક જીવી શકે તે હેતુથી દિવ્યાંગ લગ્ન સહાય યોજના અમલમાં મુકવામાં આવેલ છે.

આ યોજના હેઠળ હાલમાં સહાય મેળવવાની પાત્રતા

- કન્યાની ઉંમર ૧૮ વર્ષથી ઉપર અને છોકરાની ઉંમર ૨૧ વર્ષથી વધુ હોવી જોઈએ.
- યોજનાનો લાભ ફક્ત એક જ વખત (યુગલ દીઠ) મળવાપાત્ર રહેશે.
- આ યોજનામાં લગ્ન થયાની તારીખથી બે વર્ષની સમયમર્યાદામાં અરજી કરવાની રહેશે.
- બે અલગ અલગ જિલ્લામાં રહેતી દિવ્યાંગ વ્યક્તિના લગ્નના કિસ્સામાં દિવ્યાંગ લગ્ન સહાય યોજનાનો લાભ મેળવવા માટેની અરજી દંપતીએ લગ્ન બાદના દિવ્યાંગ દંપતીના કાયમી વસવાટના જિલ્લામાં કરવાની રહેશે. અરજી મંજૂર કરનાર જિલ્લાના જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીએ અન્ય જિલ્લાના જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીને અરજી મંજૂર કર્યાની જાણ કરવાની રહેશે.

- દિવ્યાંગ અરજદાર અન્ય રાજ્યમાંથી દિવ્યાંગ સ્ત્રી જોડે લગ્ન કરે તેવા કિસ્સામાં બંન્ને દિવ્યાંગ પતિ પત્નીને આ યોજનાનો લાભ નિયત પુરાવા રજુ કરેથી મળવાપત્ર રહેશે. દિવ્યાંગ અરજદાર અન્ય રાજ્યમાંથી દિવ્યાંગ સ્ત્રી જોડે લગ્ન કરે તેવા કિસ્સામાં અરજદાર સ્ત્રી પાસેથી જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીએ સ્ત્રી લાભાર્થીએ તેના રાજ્યમાંથી દિવ્યાંગ લગ્ન સહાય મેળવેલ નથી તે અંગેની બાંહેધરી મેળવી લેવાની રહેશે.
- આ યોજનાનો લાભ નીચે મુજબની ૨૧ પ્રકારની દિવ્યાંગતા ધરાવતા વ્યક્તિઓને આપવામાં આવે છે.

| ક્રમ | દિવ્યાંગતા | દિવ્યાંગતાની ટકાવારી |
|---|---|---|
| ૧ | અંધત્વ (Blindness) | ૪૦ ટકા કે તેથી વધુ |
| ૨ | આનુવંશિક કારણોથી થતો સ્નાયુક્ષય (Muscular Dystrophy) | ૪૦ ટકા કે તેથી વધુ |
| ૩ | સાંભળવાની ક્ષતિ(Hearing Impairment) | ૭૧ થી ૧૦૦ ટકા |
| ૪ | ક્રોનિક ન્યુરોલોજીકલ સ્થિતિ (Chronic Neurological Condition) | ૫૦ ટકા કે તેથી વધુ |
| ૫ | સામાન્ય ઈજા જીવલેણ રક્તસ્ત્રાવ (Hemophilia) | ૫૦ ટકા કે તેથી વધુ |
| ૬ | ઓછી દ્રષ્ટી (Low Vision) | ૪૦ ટકા કે તેથી વધુ |
| ૭ | ધ્રુજારી સ્નાયુબદ્ધ કઠોરતા (Parkinson"s Disease) | ૫૦ ટકા કે તેથી વધુ |
| ૮ | બૌધ્ધિક અસમર્થતા (Intellectual Disability) | ૫૦ ટકા કે તેથી વધુ |
| ૯ | હિમોગ્લોબિનની ઘટેલી માત્રા (Thelassemia) | ૫૦ ટકા કે તેથી વધુ |
| ૧૦ | રક્તપિત-સાજા થયેલ (Leprosy Cured person) | ૪૦ ટકા કે તેથી વધુ |
| ૧૧ | દીર્ઘ કાલીન અનેમિયા (Sickle Cell Disease) | ૫૦ ટકા કે તેથી વધુ |
| ૧૨ | એસીડના હુમલાનો ભોગ બનેલા (Acid Attack Victim) | ૪૦ ટકા કે તેથી વધુ |
| ૧૩ | હલન ચલન સાથેની અશકતતા (Locomotor Disability) | ૪૦ ટકા કે તેથી વધુ |
| ૧૪ | સેરેબલપાલ્સી (Cerebral palsy) | ૪૦ ટકા કે તેથી વધુ |
| ૧૫ | વામનતા (Dwarfism) | ૪૦ ટકા કે તેથી વધુ |
| ૧૬ | માનસિક બિમાર (Mental Illness) | ૫૦ ટકા કે તેથી વધુ |
| ૧૭ | બહુવિધ સ્કલેરોસિસ-શરીરની પેશીઓ કઠણ થવાની વિકૃતિ (Multiple Sclerosis) | ૪૦ ટકા કે તેથી વધુ |
| ૧૮ | ખાસ અભ્યાસ સંબંધિત વિકલાંગતા (Specific Learning Disabilities) | ૫૦ ટકા કે તેથી વધુ |

| | | |
|---|---|---|
| ૧૯ | વાણી અને ભાષાની અશકતતા<br>(Speech and Language Disability) | ૫૦ ટકા કે તેથી વધુ |
| ૨૦ | ચેતાતંત્ર-ન્યુરોનીવિકાસલક્ષી સ્થિતિમાં ક્ષતિ (Autism Spectrum Disorder) | ૫૦ ટકા કે તેથી વધુ |
| ૨૧ | મલ્ટીપલ ડિસેબીલીટીઝ<br>(Multiple Disabilities )<br>(ઉપરોક્ત દિવ્યાંગતામાં એક થી વધુ દિવ્યાંગતા ધરાવતા વ્યક્તિ) | ૫૦ ટકા કે તેથી વધુ |

આ યોજના હેઠળ મળવાપાત્ર સહાય

- આ યોજના હેઠળ દિવ્યાંગ થી દિવ્યાંગ વ્યક્તિ પરસ્પર એક બીજા સાથે લગ્ન કરે ત્યારે યુગલની બન્ને વ્યક્તિને રૂ.૫૦,૦૦૦/- + રૂ.૫૦,૦૦૦/- મળી કુલ -૧૦૦૦૦૦/- સહાય મળવાપાત્ર છે.
- દિવ્યાંગથી સામાન્ય વ્યક્તિ એક બીજા સાથે લગ્ન કરે તેવા કિસ્સામાં દિવ્યાંગ વ્યક્તિને રૂ.૫૦,૦૦૦/-ની સહાય આપવામાં આવે છે.

આ યોજનાનાં અરજી પત્રક

- આ યોજના હેઠળ esamajkalyan.gujarat.gov.in પોર્ટલ પર ઓનલાઈન અરજી સ્વિકારવામાં આવે છે.
- ઓન લાઈન અરજીઓની ચકાસણી કરી સહાય મંજૂર કરવાની સત્તા જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીને છે.

સહાય કેવી રીતે આપવામાં આવે છે.

આ યોજના હેઠળ લાભાર્થીને જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી દ્વારા તેમના બેન્ક ખાતામાં સહાય જમાં કરવામાં આવે છે.

## (૪) દિવ્યાંગ સાધન સહાય યોજના

યોજનાની શરૂઆત

દિવ્યાંગ વ્યકિતઓને સાધન સહાય આપવા માટેની યોજના ભૂતપૂર્વ શિક્ષણ અને મજૂર વિભાગના ઠરાવ ક્રમાંકઃ ઈડીબી/૧૦૬૯/૨૧૫૬૦/છ, તા.૧૦-૪-૭૦ થી અમલમાં આવેલ છે.

હેતુ

રાજ્યમાં દિવ્યાંગોને કૃત્રિમ અવયવો બેસાડવા તથા શૈક્ષણિક અને ધંધાકીય રીતે ઉપયોગી થાય તેવા સાધનો પુરા પાડી તેમનો શૈક્ષણિક વિકાસ અને સામાજિક પુનઃ સ્થાપન થાય તે હેતુથી સાધન સહાય યોજના અમલમાં મુકવામાં આવેલ છે

આ યોજના હેઠળ હાલમાં સહાય મેળવવાની પાત્રતા

- ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગ વ્યક્તિને આ યોજના હેઠળ લાભ આપવામાં આવે છે.
- ૧૬ વર્ષથી નીચેની વ્યક્તિને રોજગારલક્ષી સાધનો આપી શકાશે નહી.

આ યોજના હેઠળ મળવાપાત્ર સાધન સહાય

- આ યોજના હેઠળ લાભાર્થીને તેની દિવ્યાંગતામાં રાહત થાય તેવા સાધનો અને સ્વરોજગાર લક્ષી સાધનો રૂ. ૨૦૦૦૦/- ની મર્યાદામાં આપવામાં આવે છે. દરેક પ્રકારની દિવ્યાંગતા ધરાવતા વ્યક્તિને રોજગારલક્ષી તેમજ તેની દિવ્યાંગતામાં રાહત થાય તેવા સાધનો આપી શકાશે. ૨૧ પ્રકારની દિવ્યાંગતામાં મદદરૂપ થાય તેવા સાધનો સરકારશ્રી દ્વારા નક્કી થયેલ હશે તે મુજબ મળવાપાત્ર થશે.

**આ યોજનાનાં અરજી પત્રક**

- આ યોજના હેઠળ esamajkalyan.gujarat.gov.in પોર્ટલ પર ઓનલાઈન અરજી સ્વિકારવામાં કરવામાં આવે છે.
- ઓન લાઈન અરજીઓની ચકાસણી કરી સહાય મંજૂર કરવાની સત્તા જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીને છે.

**આ યોજના હેઠળ મળવાપાત્ર સાધનો.**

| **અનુક્રમ** | **ટ્રેડના નામ** | **સહાયની મર્યાદા** |
|---|---|---|

| નંબર | | |
|---|---|---|
| ૧ | કડીયાકામ | આ તમામ પ્રકારના સાધનો રૂ. ૨૦૦૦૦/- ની મર્યાદામાં આપવાના રહેશે |
| ૨ | સેન્ટીંગ કામ | |
| ૩ | વાહન સર્વિસીંગ અને રીપેરીંગ | |
| ૪ | મોચીકામ | |
| ૫ | દરજીકામ | |
| ૬ | ભરતકામ | |
| ૭ | કુંભારી કામ | |
| ૮ | વિવિધ પ્રકારની ફેરી | |
| ૯ | પ્લમ્બર | |
| ૧૦ | બ્યુટી પાર્લર | આ તમામ પ્રકારના સાધનો રૂ. ૨૦૦૦૦/- ની મર્યાદામાં આપવાના રહેશે |
| ૧૧ | ઈલેક્ટ્રીક એપ્લાયંન્સીસ રીપેરીંગ | |
| ૧૨ | ખેતીલક્ષી લુહારી/વેલ્ડીંગ કામ | |
| ૧૩ | સુથારીકામ | |
| ૧૪ | ધોબીકામ | |
| ૧૫ | સાવરણી સુપડા બનાવનાર | |
| ૧૬ | દુધ-દહી વેચનાર | |
| ૧૭ | માછલી વેચનાર | |
| ૧૮ | પાપડ બનાવટ | |
| ૧૯ | અથાણા બનાવટ | |
| ૨૦ | ગરમ, ઠંડા પીણા, અલ્પાહાર વેચાણ | |
| ૨૧ | પંચર કીટ | |
| ૨૨ | ફ્લોર મીલ | |
| ૨૩ | મસાલા મીલ | |
| ૨૪ | રૂ ની દીવેટ બનાવવી | |
| ૨૫ | મોબાઈલ રીપેરીંગ | |
| ૨૬ | હેર કટીંગ (વાળંદ કામ) | |
| ૨૭ | ટ્રાયસીકલ | |
| ૨૮ | ફોલ્ડીંગ વ્હીલચેર | |
| ૨૯ | હીયરીંગ એડ - (અ) પોકેટ રેન્જ(બ) કાન પાછળ લગાવવાનું | |
| ૩૦ | ફોલ્ડીંગ સ્ટીક | |
| ૩૧ | એલ્યુમીનીયમની કાંખ ઘોડી | |
| ૩૨ | કેલીપર્સ - (અ)ઘુંટણ માટેના(બ) પોલીયો કેલીપર્સ | |
| ૩૩ | બ્રેઈલ કીટ | |
| ૩૪ | એમ.આર કીટ (મંદબુધ્ધિના બાળકો માટે) | |
| ૩૫ | સંગીતના સાધનો | |

## (૫) <u>દિવ્યાંગ વ્યક્તિને એસ.ટી. બસમાં મફત મુસાફરીની યોજના</u>

**યોજનાની શરૂઆત.**

દિવ્યાંગ વ્યક્તિને એસ.ટી. બસમાં મફત મુસાફરીની યોજના સમાજ કલ્યાણ વિભાગ ગાંધીનગરના ઠરાવ ક્રમાંક અપગ/૧૦૯૦/ન-૮/છ તા.૦૪/૦૭/૧૯૯૧ થી અમલમાં મુકવામાં આવેલ છે.

**હેતુ.**

દિવ્યાંગ વ્યક્તિઓને અભ્યાસ, સારવાર, નોકરી, ધંધાના સ્થળે અને અન્ય સામાજિક કારણસર ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમની તમામ પ્રકારની બસોમાં ગુજરાત રાજ્યની હદમાં પ્રવાસ કરવા સારુ વિના મૂલ્યે મુસાફરી નો લાભ આપવામાં આવે છે.

**આ યોજના હેઠળ હાલમાં સહાય મેળવવાની પાત્રતા**

- ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગ વ્યક્તિને આ યોજના હેઠળ લાભ આપવામાં આવે છે.

**આ યોજના હેઠળ મળવાપાત્ર સહાય**

આ યોજના હેઠળ દિવ્યાંગ વ્યક્તિને ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમની તમામ પ્રકારની બસોમાં મફત મુસાફરીનો લાભ આપવામાં આવે છે.

**આ યોજનાનાં અરજી પત્રક**

- આ યોજના હેઠળ esamajkalyan.gujarat.gov.in પોર્ટલ પર ઓનલાઇન અરજી સ્વિકારવામાં કરવામાં આવે છે.
- ઓન લાઇન અરજીઓની ચકાસણી કરી મંજૂર કરવાની સત્તા જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીને છે.

## (૬) <u>દિવ્યાંગ વીમા સહાય યોજના</u>

**યોજનાની શરૂઆત**

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૨૮/૦૩/૨૦૦૭ ના ઠરાવ ક્રમાંક અપગ/૧૦૨૦૦૫/ન.બા- ૪/છ-૧ થી દિવ્યાંગ વ્યક્તિઓના કુટુંબીજનોને વિમા સહાય આપવાની યોજના અમલમાં આવેલ છે.

**યોજનાની પાત્રતા**

- ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા વ્યક્તિ
- સમાજ સુરક્ષા ખાતાનું ઓળખકાર્ડ ધરાવનાર દિવ્યાંગ વ્યક્તિ
- વાર્ષિક રૂ.૬૦૦૦૦૦/- સુધીની આવક ધરાવનારને

**<u>સહાયની વિગત</u>**

આ યોજના હેઠળ આપઘાત કે કુદરતી મૃત્યુ સિવાય બીજી કોઈપણ રીતે લાભાર્થીનું મૃત્યુ થાય કે કાયમી અપંગ બને તો આ યોજનાનો લાભ વીમા પોલિસીની શરતોને આધિન રહીને મળવાપાત્ર છે. જેમાં લાભાર્થીને રૂ. ૧૦૦૦૦૦/- સુધીનું વીમાકવચ મળવાપાત્ર છે. સહાય નીચે મુજબ મળવાપાત્ર છે.

| ક્રમ | સહાયની વિગત |
|---|---|
| ૧ | અકસ્માતના કારણે મૃત્યુ/કાયમી,સંપૂર્ણ દિવ્યાંગતાના કિસ્સામાં ૧૦૦ ટકા |
| ૨ | અકસ્માતના કારણે બે આંખ કે બે અંગ અથવા હાથ/પગ ગુમાવવાના કિસ્સામાં ૧૦૦ ટકા (આંખના કિસ્સામાં આંખની સંપૂર્ણ ૧૦૦ ટકા દ્રષ્ટિ જવી, હાથનાં કિસ્સામાં કાંડાથી ઉપરનો ભાગ તથા પગનાં કિસ્સામાં ઘૂંટણ ઉપરથી તદ્દન કપાયેલ હોવા જરૂરી છે.) |
| ૩ | અકસ્માતના કારણે એક આંખ અને એક અંગ ગુમાવવાના કિસ્સામાં ૧૦૦ ટકા |
| ૪ | અકસ્માતના કારણે એક આંખ અથવા એક અંગ ગુમાવવાના કિસ્સામાં ૫૦ ટકા |

**દાવાની અરજી સાથે રજુ કરવાના દસ્તાવેજો**

(૧) નોડલ ઓફીસરનું પ્રમાણપત્ર તથા સમાજ સુરક્ષા નિયામકશ્રી દ્વારા આપવામાં આવેલ ઓળખકાર્ડની પ્રમાણિત નકલ
(૨) FIR ની પ્રમાણિત નકલ
(૩) અધિકૃત તબીબનો પોસ્ટમોર્ટમ રીપોર્ટની પ્રમાણિત નકલ
(૪) જન્મ - મરણ નોંધણી અધિકારીનું મરણનું પ્રમાણપત્ર
(૫) કાયમી દિવ્યાંગતાના કેસમાં મેડીકલ બોર્ડ/ સિવિલ સર્જનનું ફાઇનલ એસેસમેન્ટ દર્શાવતું પ્રમાણપત્ર તથા દિવ્યાંગતા બતાવતો પોસ્ટકાર્ડ સાઇઝનો ફોટોગ્રાફ
(૬) જરૂર હોય ત્યાં ઉંમરનો પુરાવો (વીમા યોજનાના લાભાર્થીની મહત્તમ વય મર્યાદા રહેશે નહી)
(૭) અસામાન્ય સંજોગોમાં જ્યાં પોસ્ટમોર્ટમ કરાવવામાં આવેલ ના હોય ત્યાં કલેક્ટશ્રીનું અક્સ્માત મૃત્યુનું પ્રમાણપત્ર (પોલીસ પેપર્સ હોવા ફરજિયાત છે.)

**અરજી પત્રક**

આ યોજના હેઠળ લાભાર્થીએ જે-તે જિલ્લાના જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીને અરજી કરવાની રહેશે.

## (૭) દિવ્યાંગ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવાની યોજના

**હેતુઃ-**

દિવ્યાંગ વ્યક્તિઓ જીવન નિર્વાહ પુરતું કમાઇ શકે અને તેઓ પણ સમાજના ઉપયોગી સભ્યો થઇને રહી શકે એ માટે તેમને શિક્ષણ, ટેકનિકલ અને ધંધાદારી તાલીમ મેળવવામાં મદદ કરવાનો દિવ્યાગં શિષ્યવૃત્તિ યોજનાનો મુખ્ય હેતુ છે.

**(૧) દિવ્યાંગ શિષ્યવૃત્તિ મેળવવાની પાત્રતાઃ**

- અભ્યાસ કરતાં દિવ્યાંગ વિદ્યાર્થી ૪૦ ટકા થી વધુ દિવ્યાંગતા ધરાવતા હોય .

**નીચે મુજબની દિવ્યાંગતા ધરાવાતા લાભાર્થીઓને દિવ્યાંગ શિષ્યવૃત્તિ યોજના લાભ મળવાપાત્ર થાય.**

| ક્રમ | દિવ્યાંગતા | દિવ્યાંગતાની ટકાવારી |
|---|---|---|
| ૧ | અંધત્વ(Blindness) | ૪૦ ટકા કે તેથી વધુ |
| ૨ | આનુવંશિક કારણોથી થતો સ્નાયુક્ષય(Muscular Dystrophy) | ૪૦ ટકા કે તેથી વધુ |
| ૩ | સાંભળવાની ક્ષતિ(Hearing Impairment) | ૪૦ ટકા કે તેથી વધુ |
| ૪ | ક્રોનિક ન્યુરોલોજીકલ સ્થિતિ (Chronic Neurological Condition) | ૪૦ ટકા કે તેથી વધુ |
| ૫ | સામાન્ય ઇજા જીવલેણ રક્તસ્ત્રાવ(Hemophilia) | ૪૦ ટકા કે તેથી વધુ |
| ૬ | ઓછી દ્રષ્ટી(Low Vision) | ૪૦ ટકા કે તેથી વધુ |
| ૭ | ધ્રુજારી સ્નાયુબદ્ધ કઠોરતા(Parkinson"s Disease) | ૪૦ ટકા કે તેથી વધુ |
| ૮ | બૌધ્ધિક અસમર્થતા (Intellectual Disability) | ૪૦ ટકા કે તેથી વધુ |
| ૯ | હિમોગ્લોબિનની ઘટેલી માત્રા ( Thelassemia) | ૪૦ ટકા કે તેથી વધુ |
| ૧૦ | રક્તપિત-સાજા થયેલ (Leprosy Cured person) | ૪૦ ટકા કે તેથી વધુ |
| ૧૧ | દીર્ઘ કાલીન અનેમિયા (Sickle Cell Disease) | ૪૦ ટકા કે તેથી વધુ |
| ૧૨ | એસીડના હુમલાનો ભોગ બનેલા (Acid Attack Victim) | ૪૦ ટકા કે તેથી વધુ |
| ૧૩ | હલન ચલન સાથેની અશકતતા (Locomotor Disability) | ૪૦ ટકા કે તેથી વધુ |
| ૧૪ | સેરેબલપાલ્સી ( Cerebral palsy) | ૪૦ ટકા કે તેથી વધુ |
| ૧૫ | વામનતા (Dwarfism) | ૪૦ ટકા કે તેથી વધુ |

| | | |
|---|---|---|
| ૧૬ | માનસિક બિમાર(Mental Illness) | ૪૦ ટકા કે તેથી વધુ |

દિવ્યાંગ શિષ્યવૃત્તિ સહાયનું પત્રક

| | | |
|---|---|---|
| ૧૭ | બહુવિધ સ્કલેરોસિસ-શરીરની પેશીઓ કઠણ થવાની વિકૃતિ (Multiple Sclerosis) | ૪૦ ટકા કે તેથી વધુ |
| ૧૮ | ખાસ અભ્યાસ સંબંધિત વિકલાંગતા (Specific Learning Disabilities) | ૪૦ ટકા કે તેથી વધુ |
| ૧૯ | વાણી અને ભાષાની અશકતતા (Speech and Language Disability) | ૪૦ ટકા કે તેથી વધુ |
| ૨૦ | ચેતાતંત્ર-ન્યુરોની વિકાસલક્ષી સ્થિતિમાં ક્ષતિ(Autism Spectrum Disorder) | ૪૦ ટકા કે તેથી વધુ |
| ૨૧ | બહેરા અંધત્વ સહિત અનેક અપંગતા( Multiple Disabilities Including Deaf Blindness) | ૪૦ ટકા કે તેથી વધુ |

| ક્રમ | યોજનાનુ નામ | જાતિ | ધોરણ | કુમાર કન્યા | શિષ્યવૃતિ દર (વાર્ષિક) | વાર્ષિક આવક મર્યાદા | શાળાઓની વિગતો |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | Scholaraship to Disable Student (Play Group) | Genral, SEBC, SC, ST, Minority | પ્લે ગ્રુપ | કુમાર/ કન્યા | રૂ.૧૦૦૦/- | આવક મર્યાદા નથી | સરકારી, અનુદાનિત શાળાઓ તથા મંદબુધ્ધિની સંસ્થાઓ |
| | | | ધો. ૧ થી ૮ | કુમાર/ કન્યા | રૂા.૧૦૦૦/- રૂા.૧૫૦૦/ | | |
| ૨ | Scholaraship to Disable Student | Genral, SEBC, SC, ST, Minority | ધો.૯ થી ૧૨ તથા સમકક્ષ આઇ.ટી.આઇ. | કુમાર/ કન્યા | ડેસ્કોલરને રૂ.૧૫૦૦/- હોસ્ટેલરને રૂ.૨૦૦૦/- | આવક મર્યાદા નથી | સરકારી તથા અનુદાનિત શાળાઓ |
| ૩ | Post Matric Scholarship for Disable Student (College and ITI) | Genral, SEBC, SC, ST, Minority | બી.એ., બી.એસ.સી., બી.કોમ., અને સમકક્ષ ડીગ્રી અભ્યાસક્રમ. | કુમાર/ કન્યા | ડેસ્કોલરને રૂ.૨૫૦૦/- હોસ્ટેલરને રૂ.૩૨૫૦/- | આવક મર્યાદા નથી | સરકારી તથા અનુદાનિત શાળાઓ |
| | | | એમ.ડી., /એમ.એસ./ એમ.એસ.સી./ એમ.બી.એ./ એમ.સી.એ./ બી.સી.એ./ પી.એચ.ડી./ ફીઝીયોથેરાપી ડીગ્રી તથા ડીપ્લોમાંકોર્ષ. એમ.એ./એમ.એસ.સી./ એમ.કોમ./એલ.એલ.બી./ એમ.એડ. | કુમાર/ કન્યા | ડેસ્કોલરને રૂ.૩૦૦૦/- હોસ્ટેલરને રૂ.૪૦૦૦/- | | |
| 4 | અંધ વ્યકિતઓ માટે રીડર એલાઉન્સ રુ... | ૧૦૦૦/- | | | | | |

## (૨) દિવ્યાંગ શિષ્યવૃત્તિ સહાયમાં શું મળે ?

### (૩) દિવ્યાંગ શિષ્યવૃત્તિ ઓનલાઇન અરજીપત્રો ભરવા અંગેઃ-

- ધોરણ ૧ થી ૧૨ માં અભ્યાસ કરતા દિવ્યાંગ વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ માટે જે તે શાળા/સંસ્થાના આચાર્યશ્રીએ https://www.digitalgujarat.gov.in ડીજીટીલ ગુજરાત પોર્ટલ પર વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિની ઓનલાઇન અરજીઓ ભરી સંબંધિત જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીની કચેરીને ફોરવર્ડ કરવાનું રહેશે. સમાજ સુરક્ષા અધિકારીશ્રી જિલ્લા કક્ષાએ વિદ્યાર્થીના ફોર્મની ચકાસણી કરી શિષ્યવૃત્તિ ચુકવણીની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.
- ડીગ્રી/ડીપ્લોમા/આઇટીઆઇ માં અભ્યાસ કરતા દિવ્યાંગ વિદ્યાર્થીઓના શિષ્યવૃતિના ફોર્મ વિદ્યાર્થીઓએ ડીજીટલ ગુજરાત પોર્ટલ પરની વેબસાઇટ https:/ /www.digitalgujarat.gov.in ઓનલાઇન અરજી કરવાની રહેશે જે તે કોલેજ/સંસ્થાના/આઇટીઆઇ ના આર્ચાયના લોગીનમાં જશે તેની ચકાસણી કર્યા. બાદ સંબંધિત જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીની કચેરીને ફોરવર્ડ કરવાનું રહેશે. સમાજ સુરક્ષા અધિકારીશ્રી જિલ્લા કક્ષાએ વિદ્યાર્થીના ફોર્મની ચકાસણી કરી શિષ્યવૃત્તિ ચુકવણીની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

### (૪) દિવ્યાંગ શિષ્યવૃત્તિ ઓનલાઇન અરજીપત્રકો સાથે સામેલ રાખવાના પુરાવાઃ

- દિવ્યાંગ વિદ્યાર્થીનું દિવ્યાંગતાનું ઓળખકાર્ડ
- દિવ્યાંગતાનું પ્રમાણપત્ર
- છેલ્લે અભ્યાસ કરેલ હોય તે ધોરણ/કોલેજના વાર્ષિક પરિણામની પ્રમાણિત નકલ.

### (૫) દિવ્યાંગ શિષ્યવૃત્તિ ક્યારે મળવા પાત્ર થતી નથી ?

- દિવ્યાંગ વિદ્યાર્થી શાળા, સ્કુલ કોલેજ કે શૈક્ષણિક સંસ્થામાં અનિયમિત હોય ત્યારે.
- અભ્યાસ છોડી દેવાથી.
- વિદ્યાર્થીનું આકસ્મિક મૃત્યુ થવાથી.
- અનુસૂચિત જાતિ, પછાત વર્ગ કે આદિજાતિની શિષ્યવૃત્તિ મેળવતા હોય તો.
- ૪૦ ટકા કરતા ઓછી દિવ્યાંગતા હોવાથી.

(૬) શિષ્યવૃત્તિ મંજુર કરવાની સત્તા જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીને સોંપવામાં આવેલ છે.
ઓનલાઇન મંજુર કરેલ અરજીઓનું ચુકવણું પણ જિલ્લા કક્ષાએથી કરવામાં આવે છે.

### (૮) <u>ભારત સરકારની દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃત્તિ</u>

ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રાલય હેઠળના દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ દ્વારા National Scholarship Portal (www.scholarships.gov.in) પર નીચે મુજબની શિષ્યવૃત્તિ યોજના ચાલુ છે.

૧. દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે પ્રિ-મેટ્રિક શિષ્યવૃતિ
   - ➢ (ધોરણ ૯ અને ૧૦)

૨. દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે પોસ્ટ મેટ્રિક શિષ્યવૃતિ
   - ➢ (ધોરણ ૧૧ થી અનુસ્નાતક)

૩. દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે ઉચ્ચ શ્રેણી શિક્ષણ (ટોપ કલાસ) શિષ્યવૃત્તિ
   - ➢ (શ્રેષ્ઠતાના ૨૪૦ અધિસુચિત સંસ્થાનોમાં સ્નાતક/ સ્નાતકોતર ડિગ્રી અથવા ડિપ્લોમા)

**<u>પાત્રતાની શરતો:</u>**

- શિષ્યવૃતિ માત્ર ભારતીય નાગરિકો માટે જ છે

- ૪૦ ટકા થી વધુ અશક્તતા ધરાવતા વિદ્યાર્થી જેઓ સક્ષમ સત્તા દ્વારા નિયમો નીચે નિયત કરાયેલ દિવ્યાંગતા પ્રમાણપત્ર ધરાવતા હોય તેઓને લાગુ પડે છે. ધી રાઈટ ઓફ પર્સન્સ વીથ ડીસેબીલીટી એકટ ૨૦૧૬માં પરિભાષત કર્યા મુજબ
- **આવકની સીમા :**
- પ્રિ મેટ્રીક શિષ્યવૃત્તિ માટે આવક મર્યાદા રૂ.૫૦,૦૦૦/- તથા પોસ્ટ મેટ્રીક શિષ્યવૃત્તિ માટે આવક મર્યાદા રૂ.૨.૫૦ લાખ
- ઉચ્ચ શ્રેણી શિક્ષણ શિષ્યવૃત્તિ માટે (ટોપ કલાસ) આવક મર્યાદા રૂ.૬.૦૦

**અરજી કરવાની પધ્દ્ધતિ:**

- અરજીઓ www.scholarships.gov.in વેબસાઈટ મારફતે મંગાવવામાં આવે છે.
- અરજી ઓનલાઇન રજુ કરવી જોઇશે. બધા જ જરૂરી દસ્તાવેજો જેવા કે ફોટોગ્રાફ, દિવ્યાંગતા પ્રમાણપત્ર, આધારકાર્ડ, કુટુંબની વાર્ષિક આવકનો સક્ષમ અધિકારીનો દાખલો, ફી ભર્યાની પહોંચની ખરી નકલ (ટ્યુશન ફી, પરીક્ષા ફી, પ્રવેશ ફી), વિદ્યાર્થીની બેંક પાસબુકની નકલ- સાધનિક પુરાવા વગેરે નિયત પત્રકમાં યોગ્ય ભરીને ઓનલાઇન પીડીએફ કોપી અપલોડ કરવાની રહેશે.
- શાળા/કોલેજ/ગ્રાન્ટ-ઇન-એઇડ સંસ્થાઓએ વિદ્યાર્થીઓની ટ્યુશન ફી અને એડમિશન ફી ભરવાની તથા Online અરજી ચકાસણી કરીને જિલ્લા કક્ષાએ મોકલવાની રહેશે.
- જિલ્લા/રાજ્ય કક્ષાએ વિદ્યાર્થીના ફોર્મની ચકાસણી કરી શિષ્યવૃતિ મંજુર/નામંજુરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.
- ઓનલાઈન પોર્ટલ યોજના પરની અરજીની પસંદગી તથા ચુકવણીની કાર્યવાહી દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ, ભારત સરકાર દ્વારા કરવામાં આવશે.
- ગાઈડલાઈન તથા અન્ય માહિતી http://disabilityaffairs.gov.in પર ઉપલબ્ધ છે.

**શિષ્યવૃતિ પસંદગી માટે ગુણવત્તા ધોરણ:**

- યોજનામાં જણાવ્યા મુજબ પાત્રતાની શરતોની પરિપૂર્ણતા
- સંસ્થા દ્વારા, જિલ્લા કક્ષાએ તથા રાજય કક્ષાએ અરજી ચકાસણી કરી મંજુર અરજીઓ
- ભારત સરકાર દ્વારા રાજ્યને ફાળવેલ લક્ષ્યાંક
- છેલ્લી પરીક્ષામાં મેળવેલ ગુણની ટકાવારીના સંદર્ભમાં ઉમેદવારની ગુણવત્તા

**શિષ્યવૃત્તિની ચુકવણી:**

- આખરી પસંદગી પામેલ અને મેરીટમાં સામેલ લાભાર્થીઓની શિષ્યવૃત્તિ નેશનલ સ્કોલરશીપ પોર્ટલ મારફતે અમલી બનશે અને દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ દ્વારા રકમ સીધે સીધી લાભાર્થીના બેંક ખાતામાં જમા થશે.

## (૯) બૌધ્ધિક અસર્મથતા ધરાવતી (મનોદિવ્યાંગ) વ્યક્તિને આર્થિક સહાય યોજના

- **યોજનાની શરૂઆત**

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, ગાંધીનગરનો તા.૧૮/૦૭/૨૦૨૦ ઠરાવ ક્રમાંક- અપગ/૧૦૨૦૨૦/૩૭૫૭૬/છ-૧ થી બૌધ્ધિક અસમર્થતા ધરાવતી દિવ્યાંગ વ્યક્તિને માસિક રૂ.૧૦૦૦/- પેન્શન આપવાની યોજના અમલમાં મુકવામાં આવેલ છે.

- **યોજનાની પાત્રતા**

આ યોજના હેઠળ હાલમાં સહાય મેળવવાની પાત્રતા ૭૫ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવનાર વ્યક્તિ ફક્ત બોધ્ધિક અસમર્થ, સેરેબ્રલ પાલ્સી અને ઓટિઝમ પ્રકારની દિવ્યાંગતા માટે ૦ થી ૭૯ વર્ષ સુધીના દિવ્યાંગ વ્યક્તિને લાભ મળવાપાત્ર છે.

- આ યોજના હેઠળ મળવાપાત્ર માસિક રૂા.૧૦૦૦/- સહાય મળવાપાત્ર છે.
- આ યોજના હેઠળ અરજી પત્રક જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરીએથી મેળવી સંપૂર્ણ વિગતો ભરી જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરીએ રજુ કરવામાં આવે છે .જેની ચકાસણી કરી સહાય મંજુર કરવાની સત્તા જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીને છે.

| | | | |
|---|---|---|---|
| ૧. | યોજનાનું નામ | - | નિરાધાર વૃધ્ધો અને અપંગોને આર્થિક સહાય યોજના |
| ૨. | યોજનાનો સમયગાળો | - | આજીવન અગર તો પાત્રતાની શરતોનો ભંગ થતો હોય, બેમાંથી જે વહેલું હોય તે. |
| ૩. | યોજનાનો ઉદ્દેશ | - | જીવન નિર્વાહમાં મદદરૂપ થવા માટે. |
| ૪. | યોજનાનો ભૌતિક અને નાણાંકીય લક્ષ્યાંકો (છેલ્લા પાંચ વર્ષ માટે) ૨૦૨૧-૨૨ના નીચે મુજબ છે. | | |

| **ક્રમ** | **યોજનાની વિગત** | **બજેટ જોગવાઈ** | **નાણાંકીય લક્ષ્યાંક** | **ભૌતિક લક્ષ્યાંક** |
|---|---|---|---|---|
| ૧ | નોન પ્લાન (જનરલ) | ૧૦૦૨૪.૧૬ | ૧૦૦૨૪.૧૬ | અનિયત |
| ૨ | એસ.સી.પી. | ૧૨૩૦.૦૦ | ૧૨૩૦.૦૦ | અનિયત |
| ૩ | ટી.એ.એસ.પી. | ૨૪૫૧.૦૦ | ૨૪૫૧.૦૦ | અનિયત |
| | **કુલ** | **૧૩૭૦૫.૧૬** | **૮૭૬૫૩.૦૦** | અનિયત |

| | | | |
|---|---|---|---|
| ☛ | લાભાર્થીની પાત્રતા | - | નિરાધાર વૃધ્ધો માટે ૬૦ થી ૭૪ વર્ષના વૃધ્ધોને સહાયની રકમ રૂ.૭૫૦/- અને ૭૫ વર્ષથી વધુ વયના વૃધ્ધોને સહાયની રકમ રૂ.૧૦૦૦/- ની સહાય આપવામાં આવે છે. |
| ☛ | લાભ અંગેની પૂર્વ જરૂરીયાત | - | ૨૧ વર્ષનો પુખ્તવયનો પુત્ર ન હોવો જોઈએ.<br>નિરાધાર અપંગો માટે ૪૫ વર્ષ કે તેથી વધુ ઉંમર અને ૭૫ ટકાથી વધુ અપંગતા.<br>ઓછામાં ઓછો ૧૦ વર્ષથી વધુ ગુજરાતમાં વસવાટ.ગ્રામ્ય વિસ્તારમાં રૂા. ૧.૨૦ લાખ આવક અને શહેરી વિસ્તારમાં રૂા. ૧.૫૦ લાખની મર્યાદા |
| ☛ | લાભ લેવાની પધ્ધતિ | - | દર માસે **D.B.T.** દ્વારા |
| ☛ | પાત્રતા નક્કી કરવા અંગેના માપંદડો | - | અરજદારના પુરાવાની ચકાસણી કરીને. |
| ☛ | કાર્યક્રમમાં આપેલ લાભની વિગત | - | ૬૦ થી ૭૪ વર્ષને ૭૫૦/- અને ૭૫ વર્ષથી ૧૦૦૦/-ની સહાય |
| ☛ | સહાયકી વિતરણની પધ્ધતિ | - | **D.B.T.** દ્વારા |
| ☛ | અરજી ક્યાં કરવી કે અરજી કરવા માટે કચેરીમાં કોનો સંપર્ક કરવો. | - | જે તે જિલ્લાના સંબંધિત તાલુકા મામલતદાર અથવા ગ્રામ્યકક્ષાએથી ડિજીટલ ગુજરાત પોર્ટલ પર ઓનલાઇન કરવાની રહેશે. |
| ☛ | અરજી ફી | - | ગ્રામ્યકક્ષાએ રૂ.૨૦/- |
| ☛ | અન્ય ફી | - | શૂન્ય |
| ☛ | અરજી પત્રકનો નમૂનો | - | નિયત કરેલા નમુના |
| ☛ | બિડાણોની યાદી | - | આવક, ઉંમર અને રહેઠાણના પુરાવા. |
| ☛ | બિડાણોના નમૂના | - | - |
| ☛ | પ્રક્રિયાને લગતી સમસ્યાઓ અંગે ક્યાં સંપર્ક કરવો. | - | પ્રાંત અને કલેક્ટર કચેરી. |
| ☛ | લાભાર્થીઓની સંખ્યા | - | ૧૩૦૫૦૨(૨૦૨૧-૨૨) |
| ☛ | ઉપલબ્ધ નિધિની વિગતો | - | બજેટ જોગવાઈ મુજબ. |
| ☛ | લાભાર્થીઓની યાદી | - | એન.એસ.એ.પી. પોર્ટલ પરથી ઓનલાઇન મળી રહેશે. |

| | | | |
|---|---|---|---|
| ૧ | યોજનાનું નામ | - | **રાષ્ટ્રીય કુટુંબ સહાય (સંકટમોચન) યોજના** |

| | | | |
|---|---|---|---|
| ૨. | યોજનાનો સમયગાળો | - | ફક્ત એક જ વખત |
| ૩. | યોજનાનો ઉદ્દેશ | - | ગરીબી રેખા નીચે જીવતા કુટુંબના મુખ્ય કમાનાર સભ્યનું અવસાન થતા કુટુંબને સહાયરૂપ થવા માટે. |
| ૪. | યોજનાનો ભૌતિક અને નાણાંકીય લક્ષ્યાંકો (છેલ્લા પાંચ વર્ષ માટે) ૨૦૨૧-૨૨ ના નીચે મુજબ છે. | | |

| **ક્રમ** | **યોજનાની વિગત** | **નાણાંકીય લક્ષ્યાંક** | **ભૌતિક લક્ષ્યાંક** |
|---|---|---|---|
| ૧ | પ્લાન (જનરલ) | ૭૦૦.૦૦ | ૩૫૦૦ |
| ૨ | એસ.સી.પી. | ૪૪૦.૦૦ | ૨૨૦૦ |
| ૩ | ટી.એ.એસ.પી. | ૪૬૦.૦૦ | ૨૩૦૦ |
| | **કુલ** | **૧૬૦૦.૦૦** | **૮૦૦૦** |

| | | | |
|---|---|---|---|
| ☛ | લાભાર્થીની પાત્રતા | - | ગરીબી રેખા નીચે જીવતા કુટુંબની મુખ્ય વ્યક્તિનું અવસાન થતાં. |
| ☛ | લાભ અંગેની પૂર્વ જરૂરીયાત | - | ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબને સહાય મળે છે. મુખ્ય વ્યક્તિનું મૃત્યુ થતાં બીજા કુટુંબીજનને. |
| ☛ | લાભ લેવાની પધ્ધતિ | - | **D.B.T.** દ્વારા |
| ☛ | પાત્રતા નક્કી કરવા અંગેના માપંદડો | - | અવસાન થનારનું પ્રમાણપત્ર<br>બી.પી.એલનું પ્રમાણપત્ર. |
| ☛ | કાર્યક્રમમાં આપેલ લાભની વિગત | - | માસિક રૂ.૨૦,૦૦૦/-ની સહાય. |
| ☛ | સહાયકી વિતરણની પધ્ધતિ | - | D.B.T. દ્વારા |
| ☛ | અરજી ક્યાં કરવી કે અરજી કરવા માટે કચેરીમાં કોનો સંપર્ક કરવો. | - | જે તે જિલ્લાના સંબંધિત તાલુકા મામલતદાર અથવા ગ્રામ્યકક્ષાએથી ડિજીટલ ગુજરાત પોર્ટલ પર ઓનલાઇન કરવાની રહેશે. |
| ☛ | અરજી ફી | - | ગ્રામ્યકક્ષાએ રૂ.૨૦/- |
| ☛ | અન્ય ફી | - | શૂન્ય |
| ☛ | અરજી પત્રકનો નમૂનો | - | નિયત કરેલા નમુના |
| ☛ | બિડાણોની યાદી | - | ઉંમર અને રહેઠાણના પુરાવા, બીપીએલનો પુરાવો |
| ☛ | બિડાણોના નમુના | - | - |
| ☛ | પ્રક્રિયાને લગતી સમસ્યાઓ અંગે ક્યાં સંપર્ક કરવો. | - | પ્રાંત અને કલેક્ટર કચેરી. |
| ☛ | લાભાર્થીઓની સંખ્યા | - | ૫૯૯૫ (૨૦૨૧-૨૨) |
| ☛ | ઉપલબ્ધ નિધિની વિગતો | - | બજેટ જોગવાઈ મુજબ. |
| ☛ | લાભાર્થીઓની યાદી | - | એન.એસ.એ.પી. પોર્ટલ પરથી ઓનલાઇન મળી રહેશે. |

| | | | |
|---|---|---|---|
| **૧.** | **યોજનાનું નામ** | - | **વય વંદના (રાષ્ટ્રીય વૃધ્ધ સહાય) યોજના.** |
| ૨. | યોજનાનો સમયગાળો | - | આ જીવન અગર તો પાત્રતાની શરતોને ભંગ થતો હોય, બેમાંથી જે વહેલું હોય તે. |
| ૩. | યોજનાનો ઉદ્દેશ | - | જીવન નિર્વાહમાં મદદરૂપ થવા માટે. |
| ૪. | યોજનાનો ભૌતિક અને નાણાંકીય લક્ષ્યાંકો (છેલ્લા પાંચ વર્ષ માટે) ૨૦૨૧-૨૨ના નીચે મુજબ છે. | | |

| **ક્રમ** | **યોજનાની વિગત** | **વાર્ષિક જોગવાઈ** | **નાણાંકીય લક્ષ્યાંક** | **ભૌતિક લક્ષ્યાંક** |
|---|---|---|---|---|
| ૧ | નોર્મલ પ્લાન | ૪૭૬૦૩.૦૦ | ૪૭૬૦૩.૦૦ | અનિયત |
| ૨ | એસ.સી.પી. | ૧૫૦૦૦.૦૦ | ૧૫૦૦૦.૦૦ | અનિયત |
| ૩ | ટી.એ.એસ.પી. | ૨૫૦૫૦.૦૦ | ૨૫૦૫૦.૦૦ | અનિયત |
| | **કુલ** | **૮૭૬૫૩.૦૦** | **૮૭૬૫૩.૦૦** | અનિયત |

| | | | |
|---|---|---|---|
| ☛ | લાભાર્થીની પાત્રતા | - | ૬૦ વર્ષ કે તેથી વધુ ઉંમરના બી.પી.એલ.લાભાર્થીઓને લાભ મળી શકે છે. |
| ☛ | લાભ અંગેની પૂર્વ જરૂરીયાત | - | અરજદાર બી.પી.એલ. યાદીમાં સમાવિષ્ટ હોવા જોઇએ. |
| ☛ | લાભ લેવાની પધ્ધતિ | - | દર માસે **D.B.T.** દ્વારા |
| ☛ | પાત્રતા નક્કી કરવા અંગેના માપંદડો | - | અરજદારના પુરાવાની ચકાસણી કરીને. |
| ☛ | કાર્યક્રમમાં આપેલ લાભની વિગત | - | ૬૦ થી ૭૯ વયના વૃદ્ધોને રૂ.૭૫૦/-(રાજ્ય સરકારના રૂ.૫૫૦/-+ભારત સરકારના રૂ.૨૦૦)તથા ૮૦ વર્ષથી વધુ વયના લાભાર્થીઓને રૂ.૧,૦૦૦/- (રાજ્ય સરકારના રૂ.૫૦૦/- + ભારત સરકારના રૂ.૫૦૦)ની સહાય આપવામાં આવે છે. |
| ☛ | સહાયકી વિતરણની પધ્ધતિ | - | **D.B.T** દ્વારા. |
| ☛ | અરજી ક્યાં કરવી કે અરજી કરવા માટે કચેરીમાં કોનો સંપર્ક કરવો. | - | જે તે જિલ્લાના સંબંધિત તાલુકા મામલતદાર અથવા ગ્રામ્યકક્ષાએથી ડિજીટલ ગુજરાત પોર્ટલ પર ઓનલાઇન કરવાની રહેશે. |
| ☛ | અરજી ફી | - | ગ્રામ્યકક્ષાએ રૂ.૨૦/- |
| ☛ | અન્ય ફી | - | શૂન્ય |
| ☛ | અરજી પત્રકનો નમૂનો | - | નિયત કરેલા નમુના |
| ☛ | બિડાણોની યાદી | - | આવક, ઉંમર અને રહેઠાણના પુરાવા. |
| ☛ | બિડાણોના નમૂના | - | - |
| ☛ | પ્રક્રિયાને લગતી સમસ્યાઓ અંગે ક્યાં સંપર્ક કરવો. | - | પ્રાંત અને કલેક્ટર કચેરી. |
| ☛ | લાભાર્થીઓની સંખ્યા | - | ૮૭૦૨૫૦ (૨૦૨૧-૨૨) |
| ☛ | ઉપલબ્ધ નિધિની વિગતો | - | બજેટ જોગવાઈ મુજબ. |
| ☛ | લાભાર્થીઓની યાદી | - | એન.એસ.એ.પી. પોર્ટલ પરથી ઓનલાઇન મળી રહેશે. |

| | | | |
|---|---|---|---|
| ૧ | યોજનાનું નામ | - | કેદીઓના કુટુંબીજનોને સહાયની યોજના. |
| ૨. | યોજનાનો સમયગાળો | - | નિયત નથી. |
| ૩. | યોજનાનો ઉદ્દેશ | - | કુટુંબના કમાઉ વ્યક્તિ જેલમાં જતાં કુટંબીજનો આર્થિક મુશ્કેલી અનુભવી પડતી હોય છે. તેથી જેલવાસ દરમ્યાન કુટુંબ આર્થિક રીતે પગભર બને અને સ્વનિર્ભર જીવન જીવે તે માટે કુટુંબના સભ્યોને કેદી આર્થિક સહાય રૂ.૨૫૦૦૦/- આપવામાં આવે છે. |
| ૪. | યોજનાનો ભૌતિક અને નાણાંકીય લક્ષ્યાંકો (છેલ્લા પાંચ વર્ષ માટે) ૨૦૨૧-૨૨ના નીચે મુજબ છે. | | |

| **ક્રમ** | **યોજનાની વિગત** | **નાણાંકીય લક્ષ્યાંક** | **ભૌતિક લક્ષ્યાંક** |
|---|---|---|---|
| ૧ | નોર્મલ પ્લાન | ૭૫.૦૦ | અનિયત |
| ૨ | એસ.સી.પી. | ૦૦ | - |
| ૩ | ટી.એ.એસ.પી. | ૦૦ | - |
| | **કુલ** | **૭૫.૦૦** | **અનિયત** |

| | | | |
|---|---|---|---|
| ☛ | લાભાર્થીની પાત્રતા | - | કેદીને પાંચ વર્ષ કે તેથી વધુ સજા થયેલ હોય.<br>સંબંધિત વ્યવસાયની જાણકારી હોવી જોઇએ |
| ☛ | લાભ અંગેની પૂર્વ જરૂરીયાત | - | કુટુંબના બધા સાધનોમાંથી મળીને વાર્ષિક આવક શહેરી વિસ્તારમાં રૂ. ૧,૫૦,૦૦૦/-અને રાજ્ય વિસ્તારમાં રૂ. ૧,૨૦,૦૦૦/- કે તેથી ઓછી |
| ☛ | લાભ લેવાની પધ્ધતિ | - | જેલ અધિક્ષક દ્વારા અરજી મેળવી લાભ લઈ શકે છે. |
| ☛ | પાત્રતા નક્કી કરવા અંગેના માપંદડો | - | કેદીને પાંચ વર્ષ કે તેથી વધુ સજા થયેલ હોય.<br>સંબંધિત વ્યવસાયની જાણકારી હોવી જોઇએ |
| ☛ | કાર્યક્રમમાં આપેલ લાભની વિગત | - | આ યોજના અન્વયે હાથલારી, સિવણ મશીન, ગાય-ભેંસ, બકરી ખરીદવા મળવાપાત્ર. |
| ☛ | સહાયકી વિતરણની પધ્ધતિ | - | જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી દ્વારા. |
| ☛ | અરજી ક્યાં કરવી કે અરજી કરવા માટે કચેરીમાં કોનો સંપર્ક કરવો. | - | જિલ્લામાં વેલફેર ઓફિસર પાસેથી. |
| ☛ | અરજી ફી | - | શૂન્ય |
| ☛ | અન્ય ફી | - | શૂન્ય |
| ☛ | અરજી પત્રકનો નમૂનો | - | નિયત કરેલા નમુના |
| ☛ | બિડાણોની યાદી | - | અરજીમાં દર્શાવેલ દસ્તાવેજો. |
| ☛ | બિડાણોના નમૂના | - | |
| ☛ | પ્રક્રિયાને લગતી સમસ્યાઓ અંગે ક્યાં સંપર્ક કરવો. | - | વેલફેર ઓફિસરો, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી, |
| ☛ | લાભાર્થીઓની યાદી | - | |
| ☛ | ઉપલબ્ધ નિધિની વિગતો | - | બજેટ જોગવાઈ મુજબ. |
| ☛ | લાભાર્થીઓની યાદી | - | - |

| | | |
|---|---|---|
| યોજનાનું નામ | - | ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓ અને તેમના માતા-પિતાને પેન્શન આપવાની યોજના |
| યોજનાનો સમયગાળો | - | નિયત નથી. |
| યોજનાનો ઉદ્દેશ | - | ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓને આર્થિક સહાય પુરી પાડવા અને આ સમાજના બાળકોને યોગ્ય સાર સંભાળ અને દેખરેખ મળી રહે. |

| ક્રમ | યોજનાની વિગત | નાણાંકીય લક્ષ્યાંક | ભૌતિક લક્ષ્યાંક |
|---|---|---|---|
| ૧ | નોર્મલ પ્લાન | ૫૦.૦૦ | ૧૭૫ |
| ૨ | એસ.સી.પી. | ૦૦ | ૦૦ |
| ૩ | ટી.એ. એસ.પી. | ૦૦ | ૦૦ |
| કુલ | | ૫૦.૦૦ | ૧૭૫ |

| | | |
|---|---|---|
| લાભાર્થીની પાત્રતા | - | - ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓના કિસ્સામાં અરજદારની ઉંમર ૪૦ વર્ષથી ઉપર અને ૬૦ વર્ષથી નીચેની હોવી જોઇએ અને બાળકોના માતા-પિતાના કિસ્સામાં બાળકની ઉંમર ૧૮ વર્ષથી નીચેની હોવી જોઇએ.<br>- ટ્રાન્સજેન્ડર જાતિ અંગેનું જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા આપેલ પ્રમાણપત્ર |
| લાભ અંગેની પૂર્વ જરૂરિયાત | - | રહેઠાણનો પુરાવો, ઉંમરનો પુરાવો,પાસપોર્ટ સાઇઝનો ફોટોગ્રાફ |

| | | |
|---|---|---|
| લાભ લેવાની પધ્ધતિ | - | સંબંધિત જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીને નિયત નમુનામાં જરૂરી પુરાવા સાથે અરજી કરવાની રહે છે. |
| પાત્રતા નક્કી કરવાના માપદંડો | - | અરજદારની અરજી અને પુરાવાની ચકાસણી કરીને |
| કાર્યક્રમમાં આપેલ લાભની વિગત | - | માસિક પેન્શન રૂપિયા ૧૦૦૦/- |
| સહયકી વિતરણ પધ્ધતિ | - | પોસ્ટ ઑફિસ અથવા બેંકના ખાતામાં પેન્શન જમા કરાશે. |
| અરજી ક્યાં કરવી કે અરજી કરવા માટે કચેરીમાં કોનો સંપર્ક કરવો. | - | ઉપર મુજબ |
| અરજી ફી | - | શૂન્ય |
| અન્ય ફી | - | શૂન્ય |
| અરજી પત્રકનો નમૂનો | - | નિયત કરેલો નમૂના |
| બિડાણોની યાદી | - | જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા આપેલ પ્રમાણપત્ર, રહેઠાણનો પુરાવો, પોસ્ટ/બેંક ખાતાની વિગત, ઉંમરનો દાખલો |
| બિડાણોના નમૂના | - | - |
| પ્રક્રિયાને લગતી સમસ્યાઓ અંગે ક્યાં સંપર્ક કરવો | - | નિયામક, સમાજ સુરક્ષા પ્રભાગ, ગાંધીનગર.<br>સંબંધિત જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીની કચેરી. |
| લાભાર્થીઓની યાદી | - | - |
| ઉપલબ્ધ નિધિની વિગતો | - | બજેટ જોગવાઇ |
| લાભાર્થીઓની યાદી | - | - |

| | | |
|---|---|---|
| યોજનાનું નામ | - | ટ્રાન્સજેન્ડર વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ આપવાની યોજના |
| યોજનાનો સમયગાળો | - | નિયત નથી. |
| યોજનાનો ઉદ્દેશ | - | ટ્રાન્સજેન્ડર વિદ્યાર્થીઓને આર્થિક સહાય પુરી પાડવા અને તેમને સારૂં શિક્ષણ મળી રહે. |

| ક્રમ | યોજનાની વિગત | નાણાંકીય લક્ષ્યાંક | ભૌતિક લક્ષ્યાંક |
|---|---|---|---|
| ૧ | નોર્મલ પ્લાન | ૧૦.૦૦ | ૨૨૭ |
| ૨ | એસ.સી.પી. | ૦૦ | ૦૦ |
| ૩ | ટી.એ. એસ.પી. | ૦૦ | ૦૦ |
| કુલ | | ૧૦.૦૦ | ૨૨૭ |

| | | |
|---|---|---|
| લાભાર્થીની પાત્રતા | - | **૧.** ઉમેદવાર દ્વારા પોતે જો તેની ઉંમર ૧૮ વર્ષ કે તેથી વધુ હોય તો જાતે કરેલ જાહેરાત કે તે ટ્રાન્સજેન્ડર વ્યક્તિ છે.<br>**૨.** સબંધિત વિદ્યાર્થીની ઉંમર ૧૮ વર્ષથી ઓછી હોય તો તે ટ્રાન્સજેન્ડર વિદ્યાર્થીના માતા-પિતા/વાલીએ આવી જાહેરાત કરવી.<br>**૩.** માતા-પિતા અથવા વાલીની કુલ વાર્ષિક આવક રૂ.૨,૫૦,૦૦૦/- થી વધારે ન હોય |
| લાભ અંગેની પૂર્વ જરૂરિયાત | - | આવકનું પ્રમાણપત્ર, છેલ્લી પાસ કરેલ પરીક્ષાની માર્કશીટની ઝેરોક્ષ, ટ્રાન્સજેન્ડર વ્યક્તિ તરીકેનો પુરાવો, |
| લાભ લેવાની પધ્ધતિ | - | સંબંધિત જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીને નિયત નમુનામાં જરૂરી પુરાવા સાથે અરજી કરવાની રહે છે. |
| પાત્રતા નક્કી કરવાના માપદંડો | - | અરજદારની અરજી અને પુરાવાની ચકાસણી કરીને |
| કાર્યક્રમમાં આપેલ લાભની વિગત | - | ➢ પ્રિમેટ્રીકશિષ્યવૃતિ માં ડે સ્કોલરને ૧૫૦/- અને હોસ્ટેલરને રૂ. ૩૫૦/- પ્રતિમાસ<br>➢ પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતિમાં ડે સ્કોલરને ૫૫૦/- અને હોસ્ટેલરને રૂ. ૧૨૦૦/- પ્રતિમાસ<br>➢ એક શૈક્ષણિક વર્ષમાં ૧૦ મહિના માટે |
| સહયકી વિતરણ પધ્ધતિ | - | પોસ્ટ ઑફિસ અથવા બેંકના ખાતામાં પેન્શન જમા કરાશે. |

| | | |
|---|---|---|
| અરજી ક્યાં કરવી કે અરજી કરવા માટે કચેરીમાં કોનો સંપર્ક કરવો. | - | ઉપર મુજબ |
| અરજી ફી | - | શૂન્ય |
| અન્ય ફી | - | શૂન્ય |
| અરજી પત્રકનો નમૂનો | - | નિયત કરેલો નમૂના |
| બિડાણોની યાદી | - | આવકનું પ્રમાણપત્ર, છેલ્લી પાસ કરેલ પરીક્ષાની માર્કશીટની ઝેરોક્ષ, ટ્રાન્સજેન્ડર વ્યક્તિ તરીકેનો પુરાવો,પોસ્ટ/બેંક ખાતાની વિગત, |
| બિડાણોના નમૂના | - | - |
| પ્રક્રિયાને લગતી સમસ્યાઓ અંગે ક્યાં સંપર્ક કરવો | - | નિયામક, સમાજ સુરક્ષા પ્રભાગ, ગાંધીનગર.<br>સંબંધિત જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીની કચેરી. |
| લાભાર્થીઓની યાદી | - | - |
| ઉપલબ્ધ નિધિની વિગતો | - | બજેટ જોગવાઈ |
| લાભાર્થીઓની યાદી | - | - |

| | | | |
|---|---|---|---|
| ૧. | યોજનાનું નામ | - | પાલક માતા-પિતા યોજના |
| ૨. | યોજનાનો સમયગાળો | - | બાળકની ઉંમર ૧૮ વર્ષ પૂર્ણ થાય ત્યાં સુધી તથા પાત્રતાની શરતોનો ભંગ થયો હોય,બેમાંથી જે વહેલું હોય તે. |
| ૩. | યોજનાનો ઉદ્દેશ | - | માતા-પિતાનું અવસાન કે પિતા અવસાન બાદ માતાએ પુન:લગ્ન કરવાના કારણે સમાજમાં અનાથ થયેલા બાળકોને પારીવારીક કૌટુંબિક સામાજિક વાતાવરણમાં ઉછેર થાય તે હેતુંથી પાલક માતા-પિતાને માસિક સહાય રૂ.૩૦૦૦ આપીને આ યોજનાનો અમલ રાજયમાં કરવામાં આવે છે. |
| ૪ | યોજનાનો ભૌતિક અને નાણાંકીય લક્ષ્યાંકો નીચે મુજબ છે | | |

| વર્ષ | નાણાકિય સિધ્ધિ ખર્ચ ( રૂ.લાખમાં) | ભૌતિક સિધ્ધિ |
|---|---|---|
| ૨૦૧૬-૧૭ | ૮૧૫.૬૭ | ૩૬૭૪ |
| ૨૦૧૭-૧૮ | ૧૯૧૮.૭૧ | ૮૨૯૫ |
| ૨૦૧૮-૧૯ | ૪૪૧૨.૨૬ | ૧૨૯૦૫ |
| ૨૦૧૯-૨૦ | ૫૦૪૦.૮૪ | ૧૬૧૬૬ |
| ૨૦૨૦-૨૧ | ૬૫૧૦.૬૯ | ૧૭૬૧૦ |

| | | | |
|---|---|---|---|
| ૫ | લાભાર્થીની પાત્રતા | - | ૦ થી ૧૮ વર્ષની ઉંમરના બાળકો કે જેઓના માતા-પિતા બન્ને મૃત્યું પામ્યા છે અથવા પિતા મૃત્યું પામેલ હોય અને માતાએ પુન:લગ્ન કરેલ હોય તે કિસ્સામાં બાળક અભ્યાસ કરતુ હોવું જોઈએ |
| ૬ | લાભ અંગેની પૂર્વ જરૂરિયાત | - | આધાર કાર્ડની નકલ,ઉંમર દાખલો બાળકનો જન્મ દાખલો કે શાળાનું છોડ્યાના પ્રમાણપત્ર પ્રમાણિત નકલ,પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ ,બાળકના માતા પિતાના મરણના દાખલાની પ્રમાણીત નકલ,આવકનું |

| | | | |
|---|---|---|---|
| | | | પ્રમાણપત્ર,શાળા અભ્યાસનું પ્રમાણપત્ર, પાસબુકના પ્રથમ પાનાની નકલ |
| ૭ | લાભ લેવાની પધ્ધતિ | - | સંબંધિત જિલ્લા બાળ સુરક્ષા અધિકારીશ્રીને નિયત નમુનામાં જરૂરી પુરાવા સાથે અરજી કરવાની રહે છે. |
| ૮ | પાત્રતા નક્કી કરવાના માપદંડો | - | અરજદારની અરજી અને પુરાવાની ચકાસણી કરીને |
| ૯ | કાર્યક્રમમાં આપેલ લાભની વિગત | - | માસિક પેન્શન રૂપિયા ૩૦૦૦/- |
| ૧૦ | સહયકી વિતરણ પધ્ધતિ | - | **DBT** થી લાભાર્થીના બેંક એકાઉન્ટમાં |
| ૧૧ | અરજી ક્યાં કરવી કે અરજી કરવા માટે કચેરીમાં કોનો સંપર્ક કરવો. | - | સંબધિત જિલ્લા બાળ સુરક્ષા અધિકારીશ્રી જિલ્લા બાળ સુરક્ષા યુનિટની કચેરી, |
| ૧૨ | અરજી ફી | - | શૂન્ય |
| ૧૩ | અન્ય ફી | - | શૂન્ય |
| ૧૪ | અરજી પત્રકનો નમૂનો | - | નિયત કરેલો નમૂના |
| ૧૫ | બિડાણોની યાદી | - | આધાર કાર્ડની નકલ,ઉંમર દાખલો બાળકનો જન્મ દાખલો કે શાળાનું છોડ્યાના પ્રમાણપત્ર પ્રમાણિત નકલ,પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ ,બાળકના માતા પિતાના મરણના દાખલાની પ્રમાણીત નકલ,ગ્રામ્ય વિસ્તાર રૂ,૨૭૦૦૦ ઉપર, શહેરી વિસ્તાર માટે રુ,૩૬૦૦૦ અંગેનો આવકનો દાખલો,૩ થી ૬વર્ષના બાળકો માટે આંગણવાડી તેમજ ૬થી ૧૮ વર્ષ સુધીના શાળા અભ્યાસનું પ્રમાણપત્ર, પાસબુકના પ્રથમ પાનાની નકલ |
| ૧૬ | બિડાણોના નમૂના | - | - |
| ૧૭ | પ્રક્રિયાને લગતી સમસ્યાઓ અંગે ક્યાં સંપર્ક કરવો | - | નિયામક, સમાજ સુરક્ષા પ્રભાગ, ગાંધીનગર.<br>સંબંધિત જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીની કચેરી.અને જિલ્લા બાળ સુરક્ષા અધિકારીશ્રીની કચેરી |
| ૧૮ | ઉપલબ્ધ નિધિની વિગતો | - | બજેટ જોગવાઇ |
| ૧૯ | લાભાર્થીઓની યાદી | - | એન.એસ.એ.પી. પોર્ટલ પરથી ઓનલાઇન મળી રહેશે. |

| | | | |
|---|---|---|---|
| ૧. | યોજનાનું નામ | - | શેરો પોઝિટીવ ઇલનેશ યોજના |
| ૨. | યોજનાનો સમયગાળો | - | દર વર્ષ |

| | | | |
|---|---|---|---|
| ૩. | યોજનાનો ઉદ્દેશ | - | આ યોજનાનો લાભ શેરો પોઝિટીવ ઇલનેશના કારણે અનાથ નિરાધાર થયેલ તેમજ શેરો પોઝિટીવ ઇલનેશવાળા બાળકોને વર્ષમાં એકવાર અભ્યાસ અર્થે શિષ્યવૃતિ રૂપે તેમના અભ્યાસ તેમજ જીવન ઘડતરમાં મદદરૂપ થઇ શકે તેવા આશયથી આપવામાં આવે છે. |

૪ યોજનાનો ભૌતિક અને નાણાંકીય લક્ષ્યાંકો નીચે મુજબ છે

| વર્ષ | નાણાંકિય સિધ્ધિ ખર્ચ (રૂ.લાખમાં) | ભૌતિક સિધ્ધિ |
|---|---|---|
| ૨૦૧૬-૧૭ | ૪૪.૮૮ | ૨૦૬૫ |
| ૨૦૧૭-૧૮ | ૮૯.૮૮ | ૨૯૦૦ |
| ૨૦૧૮-૧૯ | ૯૦.૨૨ | ૩૦૭૩ |
| ૨૦૧૯-૨૦ | ૯૯.૭૯ | ૩૩૯૨ |
| ૨૦૨૦-૨૧ | ૯૧.૩૬ | ૩૧૧૫ |

| | | | |
|---|---|---|---|
| ૫ | લાભાર્થીની પાત્રતા | - | આ યોજનાનો લાભ શેરો પોઝીટીવ ઇલનેસના કારણે અનાથ નિરાધાર થયેલ તેમજ શેરો પોઝીટીવ ઇલનેસવાળા બાળકોને મળવાપાત્ર છે. |
| ૬ | લાભ અંગેની પૂર્વ જરૂરિયાત | - | છેલ્લી પાસ કરેલ પરીક્ષાની માર્કશીટની નકલ, એ.આર.ટી.સી/લીન્કડ એ.આર.ટી.સીનું પ્રમાણપત્ર |
| ૭ | લાભ લેવાની પધ્ધતિ | - | સંબંધિત જિલ્લા બાળ સુરક્ષા અધિકારીશ્રીને નિયત નમુનામાં જરૂરી પુરાવા સાથે અરજી કરવાની રહે છે. |
| ૮ | પાત્રતા નક્કી કરવાના માપદંડો | - | અરજદારની અરજી અને પુરાવાની ચકાસણી કરીને |
| ૯ | કાર્યક્રમમાં આપેલ લાભની વિગત | - | શિષ્યવૃત્તિ દર વર્ષે આપવામાં આવે છે. |
| ૧૦ | સહયકી વિતરણ પધ્ધતિ | - | બેંકના ખાતામાં શિષ્યવૃત્તિ જમા કરાશે. |
| ૧૧ | અરજી ક્યાં કરવી કે અરજી કરવા માટે કચેરીમાં કોનો સંપર્ક કરવો. | - | સંબધિત જિલ્લા બાળ સુરક્ષા અધિકારીશ્રી જિલ્લા બાળ સુરક્ષા યુનિટની કચેરી, |
| ૧૨ | અરજી ફી | - | શૂન્ય |
| ૧૩ | અન્ય ફી | - | શૂન્ય |
| ૧૪ | અરજી પત્રકનો નમૂનો | - | નિયત કરેલો નમૂના |
| ૧૫ | બિડાણોની યાદી | - | છેલ્લી પાસ કરેલ પરીક્ષાની માર્કશીટની નકલ, એ.આર.ટી.સી/લીન્કડ એ.આર.ટી.સીનું પ્રમાણપત્ર |
| ૧૬ | બિડાણોના નમૂના | - | - |
| ૧૭ | પ્રક્રિયાને લગતી સમસ્યાઓ અંગે ક્યાં સંપર્ક | - | નિયામક, સમાજ સુરક્ષા પ્રભાગ, ગાંધીનગર. |

| | | | |
|---|---|---|---|
| | કરવો | | સંબંધિત જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીની કચેરી અને જિલ્લા બાળ સુરક્ષા અધિકારીશ્રીની કચેરી |
| ૧૮ | ઉપલ્બ્ધ નિધિની વિગતો | - | બજેટ જોગવાઇ |
| ૧૯ | લાભાર્થીઓની યાદી | - | - |

| | | | |
|---|---|---|---|
| ૧. | યોજનાનું નામ | - | મુખ્ય મંત્રી બાળ સેવા યોજના |
| ૨. | યોજનાનો સમયગાળો | - | બાળકની ઉંમર ૧૮ વર્ષ પૂર્ણ થાય ત્યાં સુધી અને ઉંમર ૧૮ થી ૨૪ વર્ષ સુધી અભ્યાસ ચાલું હોય તથા પાત્રતાની શરતોનો ભંગ થયો હોય, બેમાંથી જે વહેલું હોય તે. સદર યોજનામાં સા.ન્યા વિભાગ ઠરાવ ક્રમાંક જજઅ/૧૦૨૦૨૧/૨૧૮૭૦૨( પાર્ટ-૨)- છ તા.૦૭/૦૯/૨૦૨૧ ધ્યાને લઈ તા.૩૧/૦૮/૨૦૨૧ પછી મળેલ અરજીઓ વિચારણામાં લેવાની રહેશે નહિ. |
| ૩. | યોજનાનો ઉદ્દેશ | - | કોરોના મહામારીના સમયગાળા દરમિયાન રાજયમાં બાળકોના માતા-પિતા બંનેનું અવસાન થયેલ છે.માતા-પિતાના અવસાનથી અનાથ બનેલ બાળકોને ભરણપોષણ, શિક્ષણ,આરોગ્ય અને સ્વરોજગારી માટે તાલીમ, લોન અને સહાય આપવા મુખ્ય મંત્રી બાળ સેવા યોજના અમલમાં મુકવામાં આવેલ છે. જેમાં ને ૦ થી ૧૮ વર્ષના બાળકોના પારીવારીક કૌટુંબિક સામાજિક વાતાવરણમાં ઉછેર થાય તે હેતુંથી માસિક સહાય રૂ.૪૦૦૦ આપીને તેમજ ૧૮ વર્ષ પુર્ણ કર્યા પછી અભ્યાસ ચાલુ હોઇ ૨૪ સુધી આફ્ટર કેર યોજનામાં લાભ આપવામાં આવશે. |
| ૪ | યોજનાનો ભૌતિક અને નાણાંકીય લક્ષ્યાંકો :- તા.૧૧/૦૬/૨૦૨૧ થી અમલ કરવામાં આવેલ છે. | | |
| ૫ | લાભાર્થીની પાત્રતા | | ➢ ૦ થી ૧૮ વર્ષ સુધીના વય જુથના જે બાળકોના માતા-પિતા બંન્નેનું કોરોનાના સમયગાળા દરમિયાન અવસાન થયુ હોય તેવા બાળકો,<br>➢ કોરોના સમયગાળા અગાઉ જે બાળકના માતા-પિતા બેન્નેનું અવસાન થયુ હોય તે બાળકના પાલક માતા-પિતા **Adopive Parents** પણ જો આ કોરોનાના સમયગાળા દરમિયાન અવસાન પામ્યા હોય તેવા ફરીથી અનાથ બનેલ<br>➢ જે બાળકના એક વાલી કોરોનાના સમયગાળા (માતા-પિતા) કે પિતા કે માતા અગાઉ અવસાન પામેલ હોય અને બીજા વાલી કોરોનાના સમયગાળા દરમિયાન અવસાન પામે તો તેવા કેસમાં પણ નિરાધાર થયેલ બાળકો.<br>➢ પણ આ યોજનાનો લાભ આવક મર્યાદા ધ્યાને લીધા સિવાય મળવાપાત્ર છે.<br>➢ ૦થી૧૮વર્ષનાબાળકોના પારીવારીક કૌટુંબિક સામાજિક વાતાવરણમાં ઉછેર થાય તે હેતુંથી માસિક સહાય રૂ૪૦૦૦.આપવામાં આવશે<br>➢ ૧૮ વર્ષ પુર્ણ કર્યા પછી અભ્યાસ ચાલુ હોઇ ૨૪ સુધી આફ્ટર કેર યોજનામાં લાભ આપવામાં આવશે .બાળક અભ્યાસ કરતુ હોવું જોઇએ |
| ૬ | લાભ અંગેની પૂર્વ જરૂરિયાત | | આધાર કાર્ડની નકલ,ઉંમર દાખલો બાળકનો જન્મ દાખલો કે શાળાનું છોડ્યાના પ્રમાણપત્ર પ્રમાણિત નકલ,પાસપોર્ટ સાઇઝનો ફોટોગ્રાફ ,બાળકના માતા પિતાના મરણના દાખલાની પ્રમાણીત નકલ,.શાળા અભ્યાસનું પ્રમાણપત્ર, પાસબુકના પ્રથમ પાનાની નકલ |
| ૭ | લાભ લેવાની પધ્ધતિ | - | સંબંધિત જિલ્લા બાળ સુરક્ષા અધિકારીશ્રીને નિયત નમુનામાં જરૂરી પુરાવા સાથે અરજી કરવાની રહે છે. |
| ૮ | પાત્રતા નક્કી કરવાના માપદંડો | - | અરજદારની અરજી અને પુરાવાની ચકાસણી કરીને |
| ૯ | કાર્યક્રમમાં આપેલ લાભની વિગત | - | માસિક પેન્શન રૂપિયા ૪૦૦૦/- |

| | | | |
|---|---|---|---|
| ૧૦ | સહયકી વિતરણ પધ્ધતિ | - | **DBT** થી લાભાર્થીના બેંક એકાઉન્ટમાં |
| ૧૧ | અરજી ક્યાં કરવી કે અરજી કરવા માટે કચેરીમાં કોનો સંપર્ક કરવો. | - | સંબધિત જિલ્લા બાળ સુરક્ષા અધિકારીશ્રી જિલ્લા બાળ સુરક્ષા યુનિટની કચેરી, |
| ૧૨ | અરજી ફી | - | શૂન્ય |
| ૧૩ | અન્ય ફી | - | શૂન્ય |
| ૧૪ | અરજી પત્રકનો નમૂનો | - | નિયત કરેલો નમૂના |
| ૧૫ | બિડાણોની યાદી | - | આધાર કાર્ડની નકલ,ઉંમર દાખલો બાળકનો જન્મ દાખલો કે શાળાનું છોડ્યાના પ્રમાણપત્ર પ્રમાણિત નકલ,પાસપોર્ટ સાઇઝનો ફોટોગ્રાફ ,બાળકના માતા પિતાના મરણના દાખલાની પ્રમાણીત નકલ,.શાળા અભ્યાસનું પ્રમાણપત્ર, પાસબુકના પ્રથમ પાનાની નકલ |
| ૧૬ | બિડાણોના નમૂના | - | - |
| ૧૭ | પ્રક્રિયાને લગતી સમસ્યાઓ અંગે કયાં સંપર્ક કરવો | - | નિયામક, સમાજ સુરક્ષા પ્રભાગ, ગાંધીનગર.<br>સંબંધિત જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીની કચેરી.અને જિલ્લા બાળ સુરક્ષા અધિકારીશ્રીની કચેરી |
| ૧૮ | ઉપલ્બ્ધ નિધિની વિગતો | - | બજેટ જોગવાઇ |
| ૧૯ | લાભાર્થીઓની યાદી | - | - |